Research Review ISSN: 2321- 4708
The Refereed & Peer Review International Journal Dec. 2021, Year - 8 (104)
www.researchreviewonline.com Paper ID: RRJ362068

# પોરબંદર જિલ્લાના સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓમાં કુંટુંબના પ્રકારના સંદર્ભમાં સમાયોજનનો મનોવૈજ્ઞાનિક અભ્યાસ.

:સંશોધક:
તન્ના મનીષા ચંદ્રકાંતભાઈ
રીસર્ચ સ્કોલર, મનોવિજ્ઞાન વિભાગ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી, જુનાગઢ

:માર્ગદર્શક:
ડો. એમ. એ. નંદાણીયા
એસોસિયેટ પ્રોફેસર, મનોવિજ્ઞાન વિભાગ
ડો. સુભાષ મહિલા કોલેજ, જુનાગઢ

---

વર્તમાન પ્રણાલીમાં જીવતો માનવી જીવનના વિવિધ ક્ષેત્રે કામ કરતો જોવા મળે છે. માનવીને જીવન દરમિયાન કૌટુંબિક, સામાજિક, આર્થિક, બધા જપહેલુમાંથી પસાર થવું પડે છે. માનવી એક સામાજિક પ્રાણી હોવાથી સમાજમાં જ રહીને ક્રિયા-પ્રક્રિયા કરવી પડતી હોય છે. જીવનની આવી અનાવપૂર્ણ અને કટોકટી ભરી પરિસ્થિતિમાં વ્યકિતને કોઈ જો ઉગારી શકતું હોય તો તે છે તેનું "સમાયોજનશીલ વ્યકિતત્વ". ઈશુ ખ્રિસ્ત બાઈબલમાં યોગ્ય જ કહયું છે કે "માનવી માત્ર રોજી-રોટીથી જીવન જીવતો નથી. તેને પોતાના કાર્યનો સંતોષ પણ જોઈએ છીએ." સોરેન્સન અને મામે "સાયકોલોજી ફોર લીવીંગ નામના પોતાના પુસ્તકમાં લખ્યું છે કે, "અમેરિકામાં દર દસ માણસે એક માણસ માનસિક બિમારીનો ભોગ બને છે." કોલમેને પણ જણાવ્યું છે કે 80 લાખ અમેરિકનો હળવી માનસિક વિકૃતિથી પિડાય છે. કોનલે વિદ્યાપીઠના સમાજશાસ્ત્રીઓ અને માનસશાસ્ત્રીઓ 1961માં એક સેમ્પલ સર્વે કરેલો. એમાં પણ જાણવા મળ્યું કે, 18.5 ટકા અમેરિકનો સાવ 'માનસિક રીતે' "સાજા' કહી શકાય તેવા છે.

"Personal adjustment is a process of interaction between overselves and our environment" - Lehner and Kube

સમાયોજનની પ્રક્રિયા સક્રિય હોવાથી પરસ્પર આંતરક્રિયાની પ્રક્રિયા હોવાથી કયારેય પૂર્ણ થતી નથી. આ પ્રક્રિયા દ્વારા માનવીના કાર્ય કારણ વચ્ચેના સંબંધો જોઈ શકાય છે. "મનુષ્યની પ્રાણ-પ્રકૃત્તિ સાથે જ જાય." ભાગવતું. ગીતામાં આશ્ચર્યના અનુભવ જુદાં સંદર્ભમાં અનુભવે છે. " આશ્ચર્યવત પશ્યતિ કશ્ચી દેનમ " થોડાં ભૂતકાળ પર નજર કરવામાં આવે તો ખ્યાલ આવશે કે, માનવીનો હાલનો સ્વભાવ અને ભૂતકાળનો સ્વભાવ એ બંને વચ્ચે ઘણીખરી બાબતોમાં પરિવર્તન જોવા મળ્યું છે. જે ખરેખર તો પરિસ્થિતિ અનુસંધાને



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-8-issue-104-december-2021/RRJ362068

ISSN: 2321- 4708
Dec. 2021, Year - 8 (104)
Paper ID: RRJ362068

રહે છે. આજ આપણે સૌ જાણીએ છીએ કે 21મી સદીમાં મહિતી–ટેકનલોજીના યુગમાં માનવી જીવી રહયો છે ત્યારે ભૌતિક સુખ-સુવિધા અને સગવડની લાલચે માણસ માનવીની સાચા અર્થમાં માનસિક સુખ-શાંતિ અને સલામતી હણાઈ જાય છે. આજના સ્પર્ધાત્મક યુગમાં એકબીજાથી આગળ જ નિકળી જવાની લાલચે માનવીની માનસિક સમતૂલાને ભારે ઠેસ પહોંચી છે.

**સમસ્યા કથન**:

"પોરબંદર જિલ્લાના સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓમાં કુંટુંબના પ્રકારના સંદર્ભમાં સમાયોજનનો મનોવૈજ્ઞાનિક અભ્યાસ."

**અધ્યયનના હેતુઓ**:

પ્રત્યેક સંશોધન ચોક્કસ હેતુઓને અનુલક્ષીને જ કરવામાં આવે છે સંશોધન માટેની સમસ્યાને તાર્કિક રીતે જુદા જુદા વિભાગોમાં વહેંચવામાં આવે છે આમ સૌ પ્રથમ તેના હેતુઓ સ્પષ્ટ થાય તે મહત્વની બાબત છે કારણ કે સંશોધનના હેતુઓ મારફતે સંશોધનમાં કઈ કઈ બાબતોનો અભ્યાસ કરવામાં આવે છે.તેની જાણકારી મળે છે આ હેતુઓ સંશોધન યોજનાના ઘડતરમાં દિશાસૂચક બની રહે છે.

પ્રસ્તુત સંશોધન સમસ્યાને ધ્યાનમાં રાખીને કેટલાક મુખ્ય હેતુઓ નક્કી કરવામાં આવ્યા હતા. જે નીચે મુજબ છે.

1. વિધાર્થીના કુટુબના પ્રકારના સંદર્ભમાં પોરબંદર જીલ્લાના સ્નાતક કક્ષાના વિધાર્થીઓ વિશેનો સમાયોજન અને તેના ઘટકોનો મનોવૈજ્ઞાનિક અભ્યાસ.

**અધ્યયનની ઉત્કલ્પનાઓ** :

વૈજ્ઞાનિક સંશોધનનો આરંભ સમસ્યાની સાથે સાથે ઉત્કલ્પનાથી થાય છે. સંશોધન સમસ્યાને એક કે તેથી વધુ ઉત્કલ્પનાઓમાં ફેરવવામાં આવે છે. ત્યારબાદ આનુભાવિક અભ્યાસોને આધારે તેની ચકાસણી કરવામાં આવે છે જો સારી સાબિત થાય તો તેનો સ્વીકાર કરવામાં આવે છે અને જો ખોટી સાબિત થાય તો તેનો અસ્વીકાર કરવામાં આવે છે.

પ્રસ્તુત સંશોધનના હેતુઓ ધ્યાનમાં રાખીને નીચે મુજબની શૂન્ય ઉત્કલ્પનાઓ રચવામાં આવી હતી.

$Ho_1$ સંયુક્ત કુંટુંબમાં રહેતા અને વિભક્ત કુટુંબમાં રહેતા વિદ્યાર્થીઓના સમાયોજનના પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત જોવા મળશે નહી.

$Ho_2$ સંયુક્ત કુંટુંબમાં રહેતા અને વિભક્ત કુટુંબમાં રહેતા વિદ્યાર્થીઓના સમાયોજનના ઘટક તરીકે દબાણના પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત જોવા મળશે નહી.

$Ho_3$ સંયુક્ત કુંટુંબમાં રહેતા અને વિભક્ત કુટુંબમાં રહેતા વિદ્યાર્થીઓના સમાયોજનના ઘટક તરીકે શારીરિક સમાયોજનના પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત જોવા મળશે નહી.

$Ho_4$ સંયુક્ત કુંટુંબમાં રહેતા અને વિભક્ત કુટુંબમાં રહેતા વિદ્યાર્થીઓના સમાયોજનના ઘટક તરીકે ચિંતાના પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત જોવા મળશે નહી.

$Ho_5$ સંયુક્ત કુંટુંબમાં રહેતા અને વિભક્ત કુટુંબમાં રહેતા વિદ્યાર્થીઓના સમાયોજનના ઘટક તરીકે હતાશાના પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત જોવા મળશે નહી.

**સંશોધનના પરિવર્ત્યો:**

**પ્રસ્તુત સંશોધનમાં આધારિત પરિવર્ત્યો નીચે મુજબ છે.**

વિદ્યાર્થીઓના કુંટુંબનો પ્રકાર: સંયુક્ત અને વિભક્ત

**આધારિત પરિવર્ત્યો :**

**પ્રસ્તુત સંશોધનમાં આધારિત પરિવર્ત્યો નીચે મુજબ છે.**

1. સમાયોજનના પ્રાપ્તાંકો
2. સમાયોજનના ઘટકોના પ્રાપ્તાંકો

**નિયંત્રિત પરિવર્ત્યો**

પ્રસ્તુત સંશોધનમાં નીચેના પરિવર્ત્યોનું નિયંત્રિત કરવામાં આવ્યા હતા.

1. પ્રસ્તુત અભ્યાસમાં ફક્ત પોરબંદર જીલ્લા વિધાર્થીનો જ સમાવેશ કરવામાં આવ્યો હતો.
2. પ્રસ્તુત અધ્યયનમાં ફક્ત 360 વિધાર્થીનો જ સમાવેશ કરવામાં આવ્યો હતો.
3. ફક્ત કોલેજમાં અભ્યાસ કરતા વિધાર્થીઓનો જ સમાવેશ કરવામાં આવ્યો હતો.

**સંશોધનના સાધનો:**

પ્રસ્તુત અધ્યયનનો હેતુ વિધાર્થીના સમાયોજન અને તેના ઘટકોનો મનોવૈજ્ઞાનિક અભ્યાસ કરવાનો હોવાથી વિધાર્થી પાસેથી માહિતી એકત્રિત કરવા માટે નીચેના સાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**વ્યક્તિગત માહિતીપત્રક :**

અહી વિધાર્થીના સમાયોજનનું માપન કરવા માટે વ્યક્તિગત માહિતી પત્રક તૈયાર કરવામાં આવ્યું હતું જેમાં વિધાર્થીનું નામ, સરનામું, વિધાર્થીની કુટુબના પ્રકાર, રહેઠાણનું સ્થળ, વિધાશાખા પ્રકાર, ઉંમર, કુટુંબની માસિક આવક, માતા-પિતાનો અભ્યાસ, ભાઈ બહેનોની સંખ્યા અને ભાઈ બહેનમાં પોતાનો ક્રમ જેવી બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

**□. સમાયોજન □□□□**

આ સંસોધનમાં R. K. Oza ની સમાયોજન કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ કસોટી દ્વારા ચાર પ્રકારના સમાયોજનનું માપન કરી શકાય છે. જેમાં ઘર, સ્વાસ્થ્ય સમાયોજન, આવેગિક સમાયોજન, સામાજીક સમાયોજન નો સમાવેશ થાય છે. આ કસોટી ઉચ્ચ વિશ્વસનીયતા અને યથાર્થતા ધરવતી જોવા મળી છે.

**સંશોધનનો નિદર્શ:**

પ્રસ્તુત સંશોધનમાં સમગ્ર પોરબંદર જીલ્લાના ૩૬૦ વિધાર્થીઓને પસંદ કરવામાં આવ્યા હતા. જેમાં 180 પુરુષ અને 180 કુમારી વિધાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો તેમજ તે દરેકમાં 90 ગ્રામ્ય વિસ્તારમાં અને 90 શહેરી વિસ્તારમાં રહેતા વિધાર્થીઓને પસંદ કરવામાં આવ્યા હતા.

**માહિતી એકત્રીકરણ:**

પ્રસ્તુત અધ્યયનનો વિધાર્થીના સમાયોજનનો મનોવૈજ્ઞાનિક અભ્યાસ કરવાનો હોવાથી વિધાર્થીના કુંટુંબ પ્રકારને ધ્યાનમાં રાખીને 360 વિધાર્થીને પસંદ કરવામાં આવ્યા હતા.

સમગ્ર પોરબંદર જીલ્લાના વિધાર્થીના ઘરે કે કોલેજે વ્યક્તિગત માહિતી પત્રકની સાથે સમાયોજન અને સમાયોજન તુલાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સાથે સાથે વિધાર્થીને એ પણ જાણવવામાં આવ્યું હતું કે આ માહિતીનો ઉપયોગ ફક્ત સંશોધન પૂરતો જ કરવામાં આવશે અને તેમજ જે માહિતી આપી છે તે ખાનગી રહેશે તેમજ તેનો ઉપયોગ થશે નહિ તેની ખાતરી આપવામાં આવી હતી. જે પ્રશ્નાવલી ભરાઈ તેમાંથી યંત્રવાત પ્રત્યુતરવળી અધુરી વિગતોવાળી કે ખામીવાળી પ્રશ્નાવલીને બાદ કરી દેવામાં આવી હતી. આવી કુલ વ્યવસ્થિત 360 પ્રશ્નાવલીઓ ભરવામાં આવી હતી આ રીતે સંશોધનની માહિતીનું એકત્રીકરણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ દરેક પ્રશ્નાવલીનું ગુણાંકન કરવામાં આવ્યું હતું. તેની વિગતવાર સ્પષ્ટ માહિતી તૈયાર કરી ડેટાસિત બનાવવામાં આવી હતી. આવેલ માહિતીના અર્થઘટન માટે પ્રસ્તુત અધ્યયનમાં આવયવિક યોજના, f test, (ANOVA), t test અને સહસંબંધ r નો ઉપયોગ કરવામાં આવ્યો હતો મધ્યક વચ્ચેના તફાવતની સાર્થકતા તપાસવા માટે L.S.D મૂલ્ય શોધવામાં આવ્યું હતું. જને આધારે ઉત્કલ્પનાની ચકાસણી કરી તારણો તપાસવામાં આવ્યા હતા.

**આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિઓ:**

**પ્રસ્તુત સંશોધનમાં નીચેની આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે.**

- **સરાસરી**
- **F test (ANOVA)**
- **L. S. D.**
- **ટી કસોટી**

**પરિણામ અને ચર્ચા:**

ISSN: 2321- 4708
Dec. 2021, Year - 8 (104)
Paper ID: RRJ362068

પ્રસ્તુત સંસોધનનો ઉદેશ્ય "પોરબંદર જિલ્લાના સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓમાં કુંટુંબના પ્રકારના સંદર્ભમાં સમાયોજનનો મનોવૈજ્ઞાનિક અભ્યાસ." કરવાનો હતો. આ માટે માહિતી એકત્રીકરણમાં જણાવ્યા મુજબ પ્રાપ્ત માહિતીનું વિશ્લેષણ કરતા નીચે મુજબ માહિતી પ્રાપ્ત થઇ હતી.

**કુંટુંબના પ્રકારના સંદર્ભમાં સમાયોજન અને તેના ઘટકોનું 'ટી'મુલ્ય**

**વિધાર્થીને કુંટુંબના પ્રકારના આધારે નીચેના બે વિભાગમાં વહેચવામાં આવ્યા હતા.**

1) સંયુક્ત કુંટુંબ 2) વિભક્ત કુંટુંબ

તેમની વચ્ચે સમાયોજન અને તેના ઘટકોની બાબતમાં તફાવત છે કે કેમ તેની ચકાસણી કરવા માટે નીચેની ઉત્કલ્પના રચવામાં આવી હતી.

$Ho_1$ સંયુક્ત કુંટુંબમાં રહેતા અને વિભક્ત કુટુંબમાં રહેતા વિદ્યાર્થીઓના સમાયોજનના પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત જોવા મળશે નહી.

$Ho_2$ સંયુક્ત કુંટુંબમાં રહેતા અને વિભક્ત કુટુંબમાં રહેતા વિદ્યાર્થીઓના સમાયોજનના ઘટક તરીકે દબાણના પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત જોવા મળશે નહી.

$Ho_3$ સંયુક્ત કુંટુંબમાં રહેતા અને વિભક્ત કુટુંબમાં રહેતા વિદ્યાર્થીઓના સમાયોજનના ઘટક તરીકે શારીરિક સમાયોજનના પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત જોવા મળશે નહી.

$Ho_4$ સંયુક્ત કુંટુંબમાં રહેતા અને વિભક્ત કુટુંબમાં રહેતા વિદ્યાર્થીઓના સમાયોજનના ઘટક તરીકે ચિંતાના પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત જોવા મળશે નહી.

$Ho_5$ સંયુક્ત કુંટુંબમાં રહેતા અને વિભક્ત કુટુંબમાં રહેતા વિદ્યાર્થીઓના સમાયોજનના ઘટક તરીકે હતાશાના પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત જોવા મળશે નહી.

**કોષ્ટક નંબર: 1**

**વિધાર્થીઓની કુટુબના પ્રકારના સંદર્ભમાં સમાયોજનનું 'ટી' મુલ્ય** (N = 360)

| Sr. No | Factor | Gender | N | Mean | S.D | SEM | SED | t' | Sig. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | **Home** | Joint | 220 | 9.38 | 4.57 | 0.31 | 0.50 | 1.61 | NS |
| | | Nuclear | 140 | 10.19 | 4.69 | 0.40 | | | |
| 2 | **Health** | Joint | 220 | 7.03 | 4.77 | 0.32 | 0.51 | 0.81 | NS |
| | | Nuclear | 140 | 7.44 | 4.60 | 0.39 | | | |
| 3 | **Emotion** | Joint | 220 | 12.88 | 7.00 | 0.47 | 0.73 | 0.40 | NS |
| | | Nuclear | 140 | 12.59 | 6.41 | 0.54 | | | |
| 4 | **Social** | Joint | 220 | 8.38 | 6.65 | 0.44 | 0.66 | 0.69 | NS |
| | | Nuclear | 140 | 8.84 | 5.22 | 0.44 | | | |
| 5 | **Adjustment** | Joint | 220 | 37.67 | 18.29 | 1.23 | 1.88 | 0.73 | NS |

ISSN: 2321- 4708
Dec. 2021, Year - 8 (104)
Paper ID: RRJ362068

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | Nuclear | 140 | 39.06 | 15.99 | 1.35 | | | |

**0.05 = 1.96** **0.01 = 2.58**

ઉપરોક્ત કોષ્ટક નં: 1 માં ઉત્કલ્પના નંબર: 1 થી 5 **ની ચકાસણી કરવામાં આવી છે જેમાં** વિધાર્થીની કુટુબના પ્રકારના સંદર્ભમાં તેમના ઘર, સ્વાસ્થ્ય સમાયોજન, આવેગિક સમાયોજન, સામાજીક સમાયોજન અને સમાયોજનનું 'ટી' મુલ્ય રજુ કરવામાં આવ્યું છે. જે અનુક્રમે 0.50, 0.51, 0.73, 0.69 અને 0.73 છે. 'ટી' નું સાર્થકતા મુલ્ય df 358 હોય ત્યારે 0.05 કક્ષાએ 1.96 અને 0.01 કક્ષાએ 2.58 છે, અહી પ્રાપ્ત 'ટી' મુલ્ય આ મુલ્ય કરતા ઓછી કિમતના છે જેથી આંકડાશાસ્ત્રીય સાર્થકતા ધરાવતા નથી. તેથી અહી ઉત્કલ્પના નંબર: 1 થી 5 નો સ્વીકાર કરવામાં આવે છે અને નીચે મુજબ તારણ તારવવામાં આવે છે.

1. સંયુક્ત કુંટુંબમાં રહેતા અને વિભક્ત કુટુંબમાં રહેતા વિદ્યાર્થીઓના સમાયોજનના પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત જોવા મળતો નથી.
2. સંયુક્ત કુંટુંબમાં રહેતા અને વિભક્ત કુટુંબમાં રહેતા વિદ્યાર્થીઓના સમાયોજનના ઘટક તરીકે ઘર સમાયોજનના પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત જોવા મળતો નથી.
3. સંયુક્ત કુંટુંબમાં રહેતા અને વિભક્ત કુટુંબમાં રહેતા વિદ્યાર્થીઓના સમાયોજનના ઘટક તરીકે આરોગ્ય સમાયોજનના પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત જોવા મળતો નથી.
4. સંયુક્ત કુંટુંબમાં રહેતા અને વિભક્ત કુટુંબમાં રહેતા વિદ્યાર્થીઓના સમાયોજનના ઘટક તરીકે આવેગિક સમાયોજનના પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત જોવા મળતો નથી.
5. સંયુક્ત કુંટુંબમાં રહેતા અને વિભક્ત કુટુંબમાં રહેતા વિદ્યાર્થીઓના સમાયોજનના ઘટક તરીકે સામાજીક સમાયોજનના પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત જોવા મળતો નથી.

અહી પરિણામમાં 'ટી' મુલ્ય દ્વારા આંકડાકીય સાર્થકતા જોવા મળી નથી પરંતુ મધ્યકો વચ્ચે તફાવત જોવા મળે છે આ તફાવત સાર્થક છે કે કેમ તેની ચકાસણી અહી LSD દ્વારા કરવામાં આવી છે જેનું પરિણામ નીચેના કોષ્ટકમાં રજુ કરવામાં આવ્યું છે.

**કોષ્ટક નંબર: 2**

**વિધાર્થીઓની કુટુબના પ્રકારના સંદર્ભમાં સમાયોજન LSD મુલ્ય**

| Pair | Variable | Mean Diff | Sig. |
|---|---|---|---|
| Joint Vs Nuclear Family | Home | 0.81 | NS |
| | Health | 0.41 | NS |
| | Emotion | 0.29 | NS |
| | Social | 1.43 | NS |

ISSN: 2321- 4708
Dec. 2021, Year - 8 (104)
Paper ID: RRJ362068

| | | | |
|---|---|---|---|
| | **Adjustment** | 1.39 | NS |

**0.05 = 1.44** **0.01 = 1.90**

ઉપરોક્ત કોષ્ટકની તુલનામાં સંયુક્ત અને વિભક્ત કુટુંબમાં રહેતા વિધાર્થીઓના દબાણ, શારીરિક સમાયોજન, ચિંતા, હતાશા અને સમાયોજનના પ્રાપ્તાંકોના મધ્યકોનો તફાવત અનુક્રમે 0.81, 0.41, 0.29, 1.43 અને 1.39 જોવા મળ્યો છે. મધ્યકના તફાવતનું સાર્થકતા મુલ્ય df 358 હોય ત્યારે 0.05 કક્ષાએ 1.44 અને 0.01 કક્ષાએ 1.90 છે, અહી પ્રાપ્ત મુલ્ય આ મુલ્ય કરતા ઓછી કિમતના છે જેથી આંકડાશાસ્ત્રીય સાર્થકતા ધરાવતા નથી. તેથી અહી ઉત્કલ્પના નંબર: 1 થી 5 સ્વીકારવામાં આવે છે અને તારણ તારવવામાં આવે છે કે, સંયુક્ત કુટુંબમાં રહેતા અને વિભક્ત કુંટુંબમાં રહેતા વિધાર્થીઓના ઘર, સ્વાસ્થ્ય સમાયોજન, આવેગિક સમાયોજન, સામાજીક સમાયોજન અને સમાયોજનમાં તફાવત જોવા મળતો નથી.

**તારણ:**

**સંયુક્ત કુટુંબમાં રહેતા અને વિભક્ત કુંટુંબમાં રહેતા વિધાર્થીઓના ઘર, સ્વાસ્થ્ય સમાયોજન, આવેગિક સમાયોજન, સામાજીક સમાયોજન અને સમાયોજનમાં તફાવત જોવા મળતો નથી.**

**સંદર્ભ:**

1. Best John W. Khan James V. Research in Education, Tenth Edition, New Delhi. Prentice Hall of India Private Ltd, 2008.
2. Buch MB. (Ed): Fourth Survey of Research on Education. New Delhi: Publication Department, National Council of Educational Research and Training,1987.
3. Garrett Henry, Wood Worth RS Statistics in Psychology and Education, Surjeet Publications Ltd, New Delhi, 2008
4. George EI. A Comparative Study of the Adjustment and Achievement of 10 Years and 11 Years Schooling in Kerala State. Third Survey of Educational Research, 1966, 664
5. Guilford JP. Fundamental Statistics in Psychology and Education New York, Mc Graw-Hill Book Company, Inc., 1956.
6. Jamuar KK. Achievement and Some Background Factors. Psychological Studies, 1961, 8:47-51.
7. Kapoor Rita. A Study of Factors Responsible for High and Low Achievement at the Junior High School Level. Fourth Survey of Educational Research, 1987: 1:829.
8. Lokesh Kovi Methodology of Educational Research (2nd ed) New Delhi, Vikas Publishing House Pvt. Ltd., 1990.